નવી બાબત ૨૦૨૩૨-૨૪

રાજ્યનાં ૩-૬ વર્ષનાં આંગણવાડીના લાભાર્થીઓને ગરમ નાસ્તામાં શ્રી અન્ન (Millets) નો સમાવેશ કરવા માટે રૂ.૧૦.૦૦ લાખની ટોકન જોગવાઇની વહીવટી મંજુરી આપવા બાબત.

ગુજરાત સરકાર

મહિલા અને બાળ વિકાસ વિભાગ

ઠરાવ ક્ર: WCDD/IMR/e-file/23/2023/0256/B (ICDS)

સચિવાલય, ગાંધીનગર

**વંચાણે લીધા:**

(૧) ભારત સરકારની મિશન સક્ષમ આંગણવાડી અને પોષણ ૨.૦ ની ગાઈડ લાઇન

(૨) નિયામકશ્રી (આઇસીડીએસ) દ્વારા ઈ-ફાઈલ Number : ICDS/MIL/e-file/257/2023/0206/ Nutrition

(૩) ભારત સરકારનો ઘઉં આધારિત પોષણ કાર્યક્રમ અંતર્ગત અનાજ ફાળવણી અંગેનો તા.૦૧/૦૨/૨૦૨૨ નો પત્ર

**આમુખ:**

સંયુક્ત રાષ્ટ્ર (UN) દ્વારા વર્ષ 2023 ને આંતરરાષ્ટ્રીય મિલેટ વર્ષ તરીકે જાહેર કરવામા આવેલ છે. જે અન્વયે ભારત સરકારે વર્ષ ૨૦૨૩ ને આંતરરાષ્ટ્રીય મિલેટ વર્ષ તરીકે ઉજવણી કરવા સંદર્ભે પારંપરિક અનાજ (મિલેટ) નો દૈનિક આહારમાં વધુમાં વધુ ઉપયોગ થાય તેમજ લોકોને પારંપરિક અનાજના ઉપયોગ માટે પ્રોત્સાહિત કરવા નીતિ વિષયક પગલાં લીધેલ છે. જેમાં IYoM- 2023 ઉજવણી અંતર્ગત વૈશ્વિક સ્તરે મિલેટને સ્વીકૃત બનાવવાના અને લોકોમાં મિલેટ દ્વારા તેમના પોષણ અને આરોગ્યની સ્થિતિ ઉપર થતાં સકારાત્મક અસરો વિશે જન-જાગૃતિ લાવવા સાથે વિભિન્ન અભિગમોથી વપરાશ વધારવા માટેની કામગીરી હાથ ધરવામાં આવેલ છે. જે અન્વયે ભારત સરકારની મિશન સક્ષમ આંગણવાડી અને પોષણ ૨.૦ ની ગાઈડ લાઇન મુજબ ICDS અંતર્ગત પુરકપોષણ કાર્યક્રમ( SNP) હેઠળ millets નો ઉપયોગ કરવા માટે જણાવેલ છે.

હાલમાં આંગણવાડીમાં ૬ માસ થી ૩ વર્ષના બાળકોને THR આપવામાં આવે છે જેમાં millets નો સમાવેશ કરવા, આંગણવાડીમાં આવતા ૩ થી ૬ વર્ષના બાળકોનાં ગરમ નાસ્તામાં અઠવાડીક મેનુમાં અઠવાડીયાના ૬ દિવસ પૈકી ન્યૂનતમ ૨ દિવસ ઘઉંને બદલે મિલેટ્સનો ઉપયોગ કરી નિયત નોર્મસ મુજબ કેલરી તથા પ્રોટીનનું પ્રમાણ જળવાઇ રહે તે મુજબનો ગરમ નાસ્તો આપવો. જેથી આંગણવાડી કેન્દ્રના ૩ થી ૬ વર્ષના લાભાર્થીઓના પોષણ તથા આરોગ્યના સ્તરમાં સુધારો લાવી શકાય. જે માટે ગરમ નાસ્તામાં શ્રીઅન્ન(Millets)નો સમાવેશ કરવા બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. પુખ્ત વિચારણાને અંતે નીચે મુજબ ઠરાવવામાં આવે છે.

**ઠરાવ :**

આંગણવાડીના ૩ થી ૬ વર્ષના બાળકોને આપવામાં આવતા અઠવાડીક મેનુમાં અઠવાડીયાના ૬ દિવસ પૈકી ન્યૂનતમ ૨ દિવસ નિયત નોર્મસ મુજબ કેલરી તથા પ્રોટીનનું પ્રમાણ જળવાઇ રહે તે મુજબનો ગરમ નાસ્તો આપવા માટે મિલેટ્સનો ઉપયોગ કરવા આથી ઠરાવવામાં આવે છે.

આ માટે હાલમાં આંગણવાડીમાં આપવામાં આવતા ફોર્ટિફાઈડ આટામાં નિયત પ્રમાણમાં મિલેટ્સનો સમાવેશ કરી નિયત નોર્મસ મુજબ કેલરી તથા પ્રોટીનનું પ્રમાણ જળવાઇ રહે તે મુજબનો ગરમ નાસ્તો આપવા માટે મિલેટ્સનો ઉપયોગ કરવા આથી ઠરાવવામાં આવે છે.

Signature Not Verified
Signed by:J I Leuva
Under Secretary
Date: 2023.07.06
12:38:43 +05:30


Open the document in Adobe Acrobat DC to verify the E-sign

આ માટે આઈસીડીએસ દ્વારા વર્ષ ૨૦૨૩-૨૪ માટે વાર્ષિક રૂ.૧૦.૦૦ લાખની નવી બાબત તરીકે ટોકન જોગવાઇ કરવામાં આવે છે. વ્હીટ બેઝ્ડ ન્યૂટ્રિશન પ્રોગ્રામ(WBNP) અંતર્ગત ભારત સરકારશ્રી દ્વારા આપવામાં આવતા કુલ ઘઉંના જથ્થામાંથી મિલેટ્સના જથ્થાની માંગણી કરવામાં આવશે. જો ભારત સરકાર દ્વારા મિલેટ્સની ફાળવણી નહીં કરવામાં આવે, તેવા સંજોગોમાં ગરમ નાસ્તા માટે ઉપયોગ કરવા માટેના મિલેટનો ખર્ચ રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવશે.

આ માટે આંગણવાડીમાં જરૂરીયાત મુજબનો મિલેટ્સનો જથ્થો ભારત સરકાર દ્વારા ઉપલબ્ધ થતાં પૂરો પાડવાનો રહેશે. ભારત સરકાર દ્વારા નિયત જથ્થો ઉપલબ્ધ ન થવાના કિસ્સામાં ગુજરાત અન્ન અને નાગરિક પુરવઠા નિગમ.લિ દ્વારા પૂરો પાડવાનો રહેશે. ગુજરાત અન્ન અને નાગરિક પુરવઠા નિગમ.લિ દ્વારા ઉપલબ્ધ ન થવાના કિસ્સામાં ગુજરાત કો-ઓપરેટિવ મિલ્ક માર્કેટિંગ ફેડરેશન (GCMMF) દ્વારા ઓપન માર્કેટથી નિયમોનુસાર ખરીદી કરી પૂરો પાડી શકાશે.

**<u>શરતો :</u>**

1. ભારત સરકારશ્રી દ્વારા મિલેટ્સ આપવામાં વિલંબ થાય અથવા પૂરતા પ્રમાણમાં મિલેટ્સ આપવામાં ન આવે અથવા અન્ય કોઈ કારણોસર વિભાગ/GCMMF/અન્ય સંસ્થા દ્વારા બજાર ભાવે મિલેટ્સ ખરીદવાના થાય તો સદર ખરીદ પ્રક્રિયાની કમિટીમાં વિભાગના નાયબ સચિવ (આઈ.સી.ડી.એસ.) અને નાણા વિભાગના પ્રતિનિધિ તરીકે નાણા સલાહકારશ્રી(મ.બા.વિ.)નો સમાવેશ કરવાનો રહેશે.
2. આ યોજના હેઠળ નિયત થયેલ લાભાર્થીઓ તેમજ અંદાજપત્રિય જોગવાઇની મર્યાદામાં ખર્ચ કરવાનો રહેશે. કોઈપણ સંજોગોમાં આ યોજના હેઠળ નિયત નાણાકીય મર્યાદા અને લાભાર્થીની સંખ્યા વધે નહી તે મુજબનુ આયોજન નિયામકશ્રી, આઈ.સી.ડી.એસ. કચેરીએ રાખવાની રહેશે.
3. આ યોજનાનો અમલ ICDS નોડલ એજન્સી મારફતે કરવાનો રહેશે.
4. પારદર્શક પ્રક્રિયા અનુસરી લાભાર્થીની પસંદગી કરવાની રહેશે
5. C.M Dash Board સાથે યોજના Link કરવાની રહેશે.
6. યોજનાના મોનીટરીંગની યોગ્ય વ્યવસ્થા કરવાની રહેશે.
7. Social Audit અને Third Party Verification પણ સમયાંતરે કરાવી સરકારશ્રીને રજુ કરવાનું રહેશે.
8. યોજનાકીય મેનપાવરની મર્યાદામાં જ ખર્ચ કરવાનો રહેશે.
9. કેન્દ્ર સહાયિત યોજનામાં ફંડ કેન્દ્ર સરકાર ફાળવે તે મુજબ જ યોજનાકીય લાભ લાભાર્થીને આપવાનો રહેશે.
10. પ્રવર્તમાન યોજનાના નોર્મ્સ અને સહાયની રકમોમાં જો ફેરફાર કરવાનો થતો હોય તો તે અંગે રાજય સરકારના આદેશો મેળવી લેવાના રહેશે.
11. આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઈને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે.
12. પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે.
13. આ અંગેનું ખર્ચ રાજય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઈઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.
14. આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.
15. આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરેન્ડર કરવાની

રહેશે.

16. યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.
17. સદર વહીવટી મંજુરી અન્વયે સતત ત્રણ વર્ષ સુધી ખર્ચ ન થાય તો આ વહીવટી મંજુરી આપોઆપ રદ ગણાશે.

**આ અંગેનો ખર્ચ નીચે દર્શાવેલ બજેટ સદરેથી કરવાનો રહેશે.**

માંગણી નંબર : ૧૦૬

મુખ્ય સદર : ૨૨૩૬-પોષણ

પેટા મુખ્ય સદર : ૦૨-પોષણ, ખાદ્ય અને પીણાંની વહેંચણી

ગૌણ સદર : ૧૦૧-અન્ય ખર્ચ

પેટા સદર : ૦૩ એન.ટી.આર.૨ (૧૦૦% સ્ટેટ બર્ડન) રૂ.૧૦.૦૦/- લાખ ની ટોકન જોગવાઇ

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણાં વિભાગની તા-૧૦/૦૫/૨૦૨૩ ની નોંધથી મળેલ મંજુરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(જે.આઇ. લેઉવા)

ઉપ સચિવ

મહિલા અને બાળ વિકાસ વિભાગ

પ્રતિ,

૧. માન. મુખ્યમંત્રીશ્રીના ખાસ ફરજ પરના અધિકારીશ્રી, સચિવાલય, ગાંધીનગર

૨. માન. મંત્રીશ્રી (મ.બા.ક.) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર

૩. મુખ્ય સચિવશ્રીના સંયુક્ત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર

૪. અધિક મુખ્ય સચિવશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર

૫. સચિવશ્રી (ખર્ચ), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર

૬. સચિવશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર

૭. કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસ, ડો. જીવરાજ મેહતા ભવન, ગાંધીનગર

૮. નિયામકશ્રી(આઇસીડીએસ), કમિશ્નરશ્રી મહિલા અને બાળ વિકાસની કચેરી, ૨૦, ડૉ જીવરાજ મહેતા ભવન ગાંધીનગર

૯. એકાઉન્ટન્ટ જનરલ શ્રી, અમદાવાદ/રાજકોટ

૧૦. નિવાસી ઓડિટ અધિકરીશ્રીની કચેરી, ગાંધીનગર.

૧૧. સર્વે મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, મ્યુનિસિપલ કોર્પોરેશન....................

૧૨. સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જિલ્લા પંચાયત કચેરી, જિ. ......................

૧૩. સર્વે નાયબ નિયામક, વિભાગીય કચેરી, અમદાવાદ/વડોદરા/સુરત/રાજકોટ

૧૪. પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર/અમદાવાદ

૧૫. નાણા સલાહકારશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર

૧૬. સર્વે પ્રોગ્રામ ઓફીસરશ્રી, જિ.........................

૧૭. શાખા સિલેક્ટ ફાઈલ.

Signature Not Verified
Signed by:J I Leuva
Under Secretary
Date: 2023.07.06
12:38:43 +05:30